સનાતન ધર્મ અને હિન્દુત્વ એ ભારતીય સંસ્કૃતિની પ્રાણશકિત છે.

વર્તમાન ભ્રામક સ્થિતિમાં સમગ્ર વિશ્વમાં એવી એક ધારણા બનતી જાય છે કે પ્રસ્થાપિત ધર્મો સિવાય પણ એક વ્યાપક આધ્યાત્મિક ધર્મની આવશ્યકતા છે.પરંતુ આ બાબત કે નવા આધ્યાત્મિક ધર્મની જરૂર નથી કારણ કે પ્રાચીન હિન્દુ ધર્મ (જે સનાતનધર્મના નામે ઓળખાય છે) એ જ આધ્યાત્મિક ધર્મની મૂળભુત કલ્પના છે. તો પછી નવા ધર્મની આવશ્યકતા શી છે. સતપંથ એ જ સનાતન પ્રાચીન હિન્દુ ધર્મ છે.
સ્વામી વિવેકાનંદે પણ કહ્યું હતું કે ટૂંક સમયમાં આવનાર મહાપ્રવાહ સનાતન ધર્મમાં સમાયેલી આધ્યાત્મિક બધી અશુધ્ધિઓ ધોઇ નાખશે.હિન્દુ ધર્મ ગ્રંથો કે પ્રવચનોમાં જ સમેટાઇ જતો નથી.આ તો આદર્શ જીવન માર્ગ છે.જેના પર પ્રત્યેક હિન્દુ સનાતન ધર્મપ્રેમી એ વિચારવાનું છે.તમે હિન્દુ કહેવડાવવા લાયક ત્યારે જ બની શકો જયારે આ હિન્દુ નામ સાંભળતા જ તમારી રકત વાહિનીઓમાં વિધૃત – તરંગો દોડવા લાગે.તમે હિન્દુ કહેવડાવવા લાયક ત્યારે જ બની શકો જયારે આ નામને ધારણ કરનાર પ્રત્યેક વ્યકિત ભલે પછી એ કોઇપણ દેશનો હોય,એ તમારી ભાષા બોલતો હોય કે અન્ય ભાષા બોલતો હોય,વળી પ્રથમ મુલાકાતમાં જ એ તમારો સગાથી પણ સગો તથા પ્રિયથી પણ પ્રિય બની જાય અને તમે એના માટે સર્વસ્વ સહન કરવા ત્યારે જ તત્પર બનશો.આ ભાવના જ આપણી પ્રાણશકિત છે.તેની પુષ્ટતા કે ક્ષીણતા પર આપણી અસ્મિતાનું અસ્તિત્વ નિર્ભર છે.દરેક દેશની પોતાની એક વિશેષતા હોય છે.જેની સાથે તેનું અસ્તિત્વ જોડાયેલું હોય છે.તે પણ એક પ્રકારે તેની પ્રાણશકિત છે .એ જ રીતે ભારતની એક વિશેષતા છે. તેની પ્રાણશકિત છે તેનું હિન્દુત્વ. તે છે તેનો જીવનવિષયક દ્રષ્ટિકોણ,તેની સંસ્કૃતિ,હિન્દુત્વનો ભાવ.હિન્દુ હોવાની ભાવના.હિન્દુ શબ્દનો અર્થ સમજવાથી જ તેના ભાવ ધ્યાનમાં આવશે.

ભારતના પ્રાચીન સાહિત્યમાં હિન્દુ શબ્દનો ઉલ્લેખ નથી, તો ભારતની ઓળખ કેવી રીતે હોઇ શકે એ એક પ્રશ્ન છે.પરંતુ ઋગ્વેદમાં આઠમા,ચોવીસમા તેમજ સત્યાવીસમાં મંડળમાં સપ્તસિંધુનો ઉલ્લેખ છે. “સ” નો “હ” ઉચ્ચાર થવાનાં ઘણા ઉદાહરણો છે તેથી સપ્તસિંધુનો હપ્ત હિંદુ થયો (સપ્તાહનું હપ્તા પ્રચલિત છે.) વાયવ્ય માર્ગેથી આવનાર બધા પ્રવાસીઓ આ નામનો પ્રયોગ કરતાં રહ્યા,ઓછામાં ઓછી ગત બે સહસ્ત્રાબ્દીઓથી વધારે સમયથી આપણી આ ઓળખાણ બની.તેની સાથે આપણા સુખ દુખ કે હાર જીતની ક્ષણો જોડાયેલી છે. ગુણ અને વ્યકિતત્વ પણ જોડાયેલાં છે.શ્રી રામનું નામ લેતાં જ જેમ ધનુષ્યધારી વ્યકિત,તેના ગુણોની સાથે આપણી આંખો સામે સાકાર થાય છે.તેવી જ રીતે હિન્દુનાં લક્ષણોમાં વર્ણિત વિશિષ્ટ માનવીય ગુણ “હિન્દુ” શબ્દનું ઉચ્ચારણ થતાં જ આપણી સામે આવે છે અને સ્પષ્ટ થઇ જાય છે. કે આ પૂજાપધ્ધતિ કે ઉપાસનાપધ્ધતિનું પ્રતિક નથી.હિન્દુ શબ્દની સાથે કયા કયા ગુણ જોડાયેલાં છે તે વિસ્તારથી જોતાં મનમાં રહેલો ભ્રમ દૂર થશે.આ ભ્રમ દૂર થવો ખૂબ જ આવશ્યક છે. કારણ કે ઓળખવામાં ભ્રમણા એટલે અનેકવિધ સંકટોને આમંત્રણ.વિશ્વના બધા જ ધર્મોનાં (જે વાસ્તવમાં તે સંપ્રદાય છે ધર્મ નહિ) નામ તેમના સંસ્થાપકોનાં નામ સાથે જોડાયેલા છે.હિન્દુ ધર્મમાં એવું નથી.તે તત્વપરક છે.વ્યકિતકેન્દ્રિત નથી. તે જ તેની વિશેષતા છે. તેનાં કોઇ સંસ્થાપક નથી તેની સ્થાપનાની કોઇ તિથિ જ્ઞાત નથી.કોઇ એક ગ્રંથ કે એકમાત્ર પૂજાપધ્ધતિ પણ નથી. ધર્મ શબ્દમાટે અન્ય ભાષાઓમાં યોગ્ય પર્યાય નથી તેથી “રિલિજન” એવો અનુવાદ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં તો તે સંપ્રદાય વાચક છે.સંપ્રદાયનો સંબંધ પૂજાપધ્ધતિ

સાથે છે.એક જ સંસ્થાપક કે પ્રેષિત (પયગંબર) એક જ ગ્રંથ,એક જ ઉપાસના પધ્ધતિનો માત્ર આગ્રહ રહયો છે.તેમના જીવનનો આધાર ભૌતિકતા છે જયારે આપણા જીવનનો આધાર આધ્યાત્મિકતા છે.ધર્મનો અર્થ કર્તવ્ય છે.અને એ ઉદાત જીવનમૂલ્યો સાથે સંકળાયેલ છે.મનુસ્મૃતિમાં ધર્મના ૧૦ લક્ષણો બતાવ્યાં છે. ધર્મનાં દસ લક્ષણા છે ધૈર્ય, ક્ષમા, સંયમ, ચોરી ન કરવી, પવિત્રતા, ઈન્દ્રિયનિગ્રહ, બુધ્ધિ, જ્ઞાન, ક્રોધમુકતા.આ બધા આચરણો જીવનમૂલ્યો સાથે સંબંધિત છે.શ્રેષ્ઠ ઉદાત જીવનનો આધાર છે.તેથી તે સનાતન (કાયમ) છે.જેમકે આ બધા લક્ષણો આપણી સતપંથ સંપ્રદાયની શિક્ષાપત્રીમાં પણ આવી જાય છે.કોઈપણ દેવતાને કરેલા પ્રણામ એક જ ઈશ્વરને પહોંચે છે.આ સર્વ સમાવેશકતા હિન્દુત્વની વિશેષતા છે. જેમકે આપણો સર્વદેવ ઋષિવરોને નમસ્કાર કરવાનો મંત્ર આ જ બાબત સૂચવે છે સહિષ્ણુતા,ઉદારતા,વિવિધતામાં એકતા એ હિન્દુત્વની વિશેષતા છે.આપણા ધર્મનું તત્વજ્ઞાન શ્રેષ્ઠ છે.તમારો ધર્મ પણ શ્રેષ્ઠ છે એ સહિષ્ણુતા છે. અને જયારે અમારા ધર્મનું તત્વજ્ઞાન જ શ્રેષ્ઠ છે અને તેને ન માનનારાને જીવવાનો અધિકાર નથી એવી માન્યતા અસહિષ્ણુતા છે.આપણી સહિષ્ણુતાને કારણે આપણી ભૂમિ સેંકડોનું આશ્રયસ્થાન બની છે ઈસ્લામ કે ઈસાઈયતના અત્યાચારોથી પીડિત થઈને સ્વધર્મનું રક્ષણ કરવા માટે પારસી અને યહુદી સમાજના લોકોએ અહી આશ્રય લીધો. અહીના જીવનમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા.ઈઝરાયેલનું નિર્માણ થતાં ભારતમાંથી ત્યાં જતી વખતે યહુદીઓએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે કેવળ ભારતમાં જ તેઓ સમ્માનથી રહી શકયા.હિન્દુ પારસી કે હિન્દુ યહૂદીઓનાં સંઘર્ષનું એક પણ ઉદાહરણ નથી.હિન્દુ સહિષ્ણુ ન હોય તો ૧૯૪૭ માં દેશ વિભાજન પછી બિનહિન્દુ અહી સુખ શાંતિથી ન રહી શકયો હોત.હિન્દુ શબ્દનાં થોડાંક લક્ષણ અત્રતત્ર મળે છે જેમકે નષ્ટ કરવાવાળું,તપ સાધનાથી પાપોને નષ્ટ કરનાર,હિંસાથી દુખી થનાર,દુષ્ટ અને દુષ્ટતાને મિટાવનાર,પોતાના સ્વાર્થ માટે બીજાને કષ્ટ આપવું અને તેની વેદના જોઈ આનંદ માણવો એવો અહી હિંસાનો થાય છે. તો આવી હિંસાથી હિન્દુ દુખી થાય છે.હિન્દુત્વ એટલે સદ્દવિચાર,સદાચાર,સદ્દભાવના તેમાં અડચણ ઊભી કરનાર દુષ્ટ,તેની વૃતિ દુષ્ટતા,દુષ્ટતાનું નિર્મૂલન અને સજજનતાનું સંરક્ષણ સમાજ સ્વાસ્થ્ય માટે આશ્યક છે.સંપૂર્ણ વિશ્વમાં યશસ્વી,સમૃધ્ધિ જીવનના તત્વજ્ઞાનના રૂપે માન્ય શ્રીમદ્દભગવદ્દ ગીતામાં પણ શ્રીકૃષ્ણ પોતાનો જીવનઉદેશ્ય,સજજન સંરક્ષણ,દુષ્ટતા નિર્મૂલન તેમજ માનવીય જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા હોવાનો ઉદ્દઘોષ કરે છે.એનું પરિચાયક હિન્દુત્વ પણ દૈવી ભાવના અને કાર્ય છે.દરેક નિર્માણમાં ઈશ્વર તત્વને જોવાને કારણે આપણે દરેકનું સન્માન કરીએ છીએ.પશુ,પક્ષી,પર્વત,નદી,પથ્થર હોય કે ઝાડ જેવી વસ્તુને નમીને પ્રણામ કરીએ છીએ.આ તત્વને આપણે ભૂલવું ન જોઈએ.

કોઈપણ સુધારો સલાહ સૂચન જૂનાં છે કે નવાં છે તેના પર તેનો સ્વીકાર કે અસ્વીકાર નિર્ભર હોતો નથી.સમાજહિતની દ્રષ્ટિએ પરિસ્થિતિ સાથે સુસંગત,સ્થાયી મૂલ્યો સલામત રાખીને નવાં પરિવર્તનનો સ્વીકાર કરવાની માનસિકતાને કારણે જીવનચિંતનનો પ્રવાહ અવરોધાયો નથી.આજ છે હિન્દુત્વની વિશેષતા,છતાં પણ હિન્દુને પુરાણપંથી કહીને ભ્રમ પેદા કરાવાઈ રહયો છે. હિન્દુત્વ હિન્દુસ્થાનની પ્રાણરેખા હોવાને કારણે તે નષ્ટ થાય એનો અર્થ હિન્દુસ્થાનનું અસ્તિત્વ ભયમાં મૂકવું.હિન્દુત્વ કે હિન્દુધર્મના કોઈ સંસ્થાપક નથી કે તેનું પાલન કરવા માટેની કોઈ કટ્ટર નિયમોની યાદી નથી.હિન્દુત્વ જીવવાની અને સંસ્કૃતિની એક રીત છે. સમસ્ત પ્રાણીઓ માટે કલ્યાણકારી છે તથા બ્રંહ્માડના સમસ્ત ચર અચરની ભલાઈ માટે સદૈવ પ્રયત્નશીલ રહે છે વિવિધતામાં એકતા પ્રસ્થાપિત કરનાર નિર્વૈર વૃતિનું પ્રોત્સાહન

હિન્દુ ધર્મમાં છે.હિન્દુત્વ ભારતનું મૂળ છે.તેનું જેમ જેમ ગંભીરતાપૂર્વક ચિંતન કરતા જઇશું તેમ તેમ તેનું વધારે સુક્ષ્મજ્ઞાન થશે,તેનું મહત્વ ધ્યાનમાં આવશે ભારતમાંથી હિન્દુત્વનાં મૂળ ઉખડી જશે તો એક શ્રેષ્ઠ જીવન પધ્ધતિના આદર્શથી વિશ્વ વંચિત બની જશે.હિન્દુત્વ અહીની રગેરગમાં વસેલું છે. અને એ જ તેની નિયતિ છે.હિન્દુ વિચારધારાએ જ આપણને શીખવ્યું છે કે માતાનું સ્થાન જીવનમાં સર્વ શ્રેષ્ઠ છે.માતા એટલે પોષણ શકિત! જીયાં જયાંથી આપણું પોષણ થાય છે પછી એ શારીરિક હોય,માનસિક હોય કે બૌધ્ધિક,આધ્યાત્મિક તેને આપણે માતા સમાન જ માનીએ છીએ.મા જ માનીએ છીએ.પૃથ્વી મારી મા છે હું તેનો પુત્ર છું એ સંસ્કારથી પોષિત હિન્દુ માટે ધરતી એક નિર્જીવ ભૂખંડ માત્ર નથી પણ તે જીવન્ત પ્રાણવાન મા બની છે. ગંગાજળ કેવળ જળમાત્ર નહિ તીર્થજળ બન્યું.ગાય ચાર પગવાળું દૂધ આપનારું પ્રાણી માત્ર નહિ પરંતુ ગોમાતા બની.ગીતા કેવળ એક સારું પુસ્તક માત્ર નહી ગીતામાતા બની.ત્યારે તેના પ્રત્યે સ્નેહશ્રધ્ધાનો,પોતીકાપણાનો ભાવ જાગ્યો,પ્રાણપ્રણથી આ સર્વેનું સંરક્ષણ કરવાની પ્રેરણા જાગી એ જ આપણા જીવનનું આધારભૂત તત્વ બન્યું.આપણે બધા એક માતાનાં સંતાન આ ભાવનાએ આપણું માનસિક,ભાવનાત્મક અંતર સમાપ્ત કર્યુ.આપણને સૌને એકઠા બાંધી રાખ્યા,અર્થાત્ આપણી સંસ્કૃતિના રેશમી તંતુએ દેશને એક રાખ્યો છે.હિન્દુત્વ માત્ર ઉપાસના પધ્ધતિમાં જ જકડાયેલો નથી કે એમાં કટ્ટરતાને પણ કોઇ સ્થાન નથી.સાચો હિન્દુ અનાદિ સત્યમાં વિશ્વાસ કરે છે.તેને કોઇપણ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરી શકે છે.હિન્દુ શાસ્ત્રોની દ્રષ્ટિએ અબોધ હોય તો પણ. તેથી એક સાચો ઇસાઇ કે મુસ્લિમ કે યહુદી પોતે પણ એક સાચો હિન્દુ હશે.અહી કયાંય પણ જબરદસ્તી કે સ્વેચ્છાએ પણ ધર્મ પરિવર્તનની વાત જ નથી.કારણ દરેકને પોત પોતાનો ધર્મ અર્થાત્ માનવીય કર્તવ્યોનું સાત્વિક પાલન કરવું એ જ હિન્દુત્વ છે. કેટલાક ઇસાઇ વિદ્ધાનો આશ્રમમાં થોડા દિવસ રહ્યા.ત્યાંનું વાતાવરણ એટલે સાક્ષાત્ હિન્દુ જીવનપધ્ધતિની અભિવ્યકતી ! તેનાથી પ્રભાવિત થઇ તેમણે આશ્રમનાં મહારાજને મળી હિન્દુ ધર્મ સ્વીકારવાની પોતાની ઇચ્છા પ્રગટ કરી.ત્યારે પૂજયપાદ સ્વામી મહારાજે કહ્યુ કે એવી કોઇ આવશ્યકતા નથી.હિન્દુ હોવું એટલે હિન્દુ જીવનમૂલ્યોને નિત્ય આચરણમાં લાવવાં...અને એજ તમે કરી રહ્યા છો.આથી ઈસુની પ્રામાણિકતા પૂર્વક પૂજા કરતા હોવા છતાંય તમે હિન્દુ છો. હિન્દુ ઇસાઇની કલ્પના એટલા માટે સંભવ છે કે તમે પૂજા કોઇની પણ કરો આચરણ માનવી જીવનમૂલ્યોનું અર્થાત્ હિન્દુત્વને આધારે કરો કેવળ જન્મથી જ નહી મનથી,કર્મથી હિન્દુ હોવું એ મહત્વપૂર્ણ છે.પ્રત્યેક ધર્મનો નિદ્ધઠાવાન ઉપાસક કયારેક તો સનાતન તત્વમાં અવશ્ય આવીને ભળશે.તેથી બધા ધર્મો વચ્ચેનો સંઘર્ષ મિટાવો એ જ એકમાત્ર ધર્મ છે.પરકીય ધર્માવલંબી કાફીર છે અને તેમનો શિરચ્છેદ કરવામાં આવે એ પ્રકારનો ઊન્માદ હિન્દુ ધર્મમાં કયારેય પેદા થયો નથી.કયારેય થશે પણ નહી.હિન્દુની ત્રણ શ્રેણીઓ છે.

(૧) જેણે હિન્દુ કુળમાં જન્મ લઇને પણ જેને હિન્દુ વિચારધારા અંતઃકરણ પૂર્વક માન્ય છે તે “જન્મજાત હિન્દુ”

(૨) બિનહિન્દુ કુળમાં જન્મ લઇને પણ જેને હિન્દુ વિચારધારા અંતઃકરણ પૂર્વક માન્ય છે તે “દીક્ષા હિન્દુ”

(૩) જેને વેદ પુરાણ કે તેને અનુકૂળ સંપ્રદાય માન્ય છે અને જેણે પરંપરાગત હિન્દુ ઉદરથી જન્મ લીધો છે તે “ઉભય હિન્દુ”

ઉભય હિન્દુ સૌથી શ્રેષ્ઠ છે પરંતુ એવા ઉભયાર્થ ન હોય તો પૂજનીયતાની દ્રષ્ટિથી “દીક્ષા હિન્દુ”ને શ્રેષ્ઠ મનાય છે.સંપૂર્ણ વિશ્વને એક કુટુંબ માનવું અને તેને

સુસંસ્કારિત કરવાનો સંકલ્પ કરવો એ હિન્દુ સમાજની એક સ્વભાવગત વિશેષતા છે.પ્રવાસ માટેનાં અતિ જલદ સાધનો તથા વર્તમાન દૂરસંચાર વ્યવસ્થાને કારણે કિલોમીટરનું અંતર ઘણું ઓછું થઇ ગયું છે.છતાં કુટુંમ્બભાવનામાં નિરંતર આવનાર ઉણપ ચિંતાનો વિષય બન્યો છે.કુટુંમ્બ એટલે પરસ્પર સ્નેહ,સેવા,સામંજસ્ય સલામતીની ભાવનાનો સમુચિત વિકાસ.એ હેતું માટે સુસંસ્કારિતા એક વ્યકિતની નહી, એક પરિવારની નહી,સંપૂર્ણ વિશ્વની સુસંસ્કારિતા.પ્રારંભ ભલે એક વ્યકિતથી થાય,અંતિમ ચરણ તો વિશ્વ હશે.હિન્દુત્વની આ વિશેષતા સમજવી,તેના પ્રત્યે ગૌરવની ભાવના નિર્માણ કરી ભાવી પેઢીમાં સંક્રમિત કરવી એ અતિશય મહત્વપૂર્ણ જવાબદારી નિભાવવી એજ હિન્દુઓનું જીવન કાર્ય છે.આજે હજી આપણે વિશ્વ ઇતિહાસમાં સંક્રાન્તિકાળમાંથી પસાર થઇ રહ્યા છીએ,પણ એટલું તો સ્પષ્ટ થઇ જ ચુકયું છે કે માનવજાતિના આત્મઘાતને રોકવો હોય તો,પશ્ચિમથી શરૂ થયેલા પ્રકરણનો અંત ભારતીય જ હોવો જોઇએ,વર્તમાન યુગમાં વિશ્વ પાશ્ચિમાત્ય ટેકનોલોજીના ભૌતિક આધારે એક બન્યું છે. પરંતુ પશ્ચિમનાં આ કૌશલ્યે માત્ર અંતર જ મિટાવ્યું નથી પણ તેણે જગતની પ્રજાઓને વિધ્વંસક શકિત ધરાવતાં શસ્ત્રોથી પણ સજ્જ કરી છે, અને તે પણ એવા સમયે જયારે આ પ્રજાઓ હજી એકબીજાને ઓળખે કે સ્નેહભાવ પ્રગટાવવાને બદલે આમને સામને આવી ગઇ છે, માનવ ઇતિહાસની આ અતિ જોખમી ક્ષણે આપણા ઉધ્ધારનો એક માત્ર આધાર ભારતીય જીવન પધ્ધતિ છે. આજે વિશ્વ સામે જે પડકારો છે તેમાં વ્યષ્ટિનો સમષ્ટિ સાથે સંબંધ તૂટી ગયો છે.તેથી જ વ્યકિત વ્યકિતના આંતરિક તંતુ વિખરાઇ ગયા છે.પોતાનું સુખ દુખ વહેંચવાની સંભાવના ઓછી થઇ જતાં તો દરેક વ્યકિત એકબીજાની સામે આવી ગઇ.ભારતીય આધ્યાત્મમાં સર્વ બ્રહ્મ છે.જે અસ્તિત્વમાન છે તે બ્રહ્મ છે.એવી ભાવના દ્રઢ છે.બધા બ્રહ્મરૂપ હોય તો કોણ કોના અસ્તિત્વ માટે સંઘર્ષ કરશે? હું સૃષ્ટિનું અંગ છું એ વિચાર મનમાં આવતાં સંપૂર્ણ સૃષ્ટિ સાથે આપણો ભાવનાત્મક સંબંધ નિર્માણ થાય છે. આ અંગાગી ભાવને કારણે મનુષ્યના વ્યવહારમાં પરિવર્તન થાય છે.એક અંગનું સ્વાસ્થય બીજા અંગના સ્વાસ્થય પર નિર્ભર હોય છે.મમત્વની ભાવનાને કારણે સ્વયં કમાવું અને બીજાને ખવડાવવું એ જ સંસ્કૃતિ બની જાય છે.જે કમાશે એ જ ખાશેની વિકૃતિ નષ્ટ થાય છે.સંપૂર્ણ સૃષ્ટિમાં એક જ ચૈતન્ય બિરાજમાન છે એ અનુભૂતિ શોષણની વૃતિને નષ્ટ કરે છે.વ્યકિતગત અધિકારની ભાવના લુપ્ત થઇ,કર્તવ્યની ભાવના પ્રબળ થાય છે.કર્તવ્યપૂર્તિમાં જ અધિકારપૂર્તિ થયાનો અનુભવ મનુષ્યના જીવનને એક ઉતમ અધિષ્ઠાન આપે છે. આ જ છે. હિન્દુત્વનું મનોરમ દર્શન અને આ જ છે હિન્દુનું સનાતન ચિંતન.પંથીય બીજની કસોટીઓ હિન્દુધર્મને લાગુ પડશે નહી.હિન્દુત્વનો કોઇ પણ સંકીર્ણ અર્થ સમજવો આવશ્યક નથી એ તો ભારતીય લોકોની જીવનશૈલી છે.હિન્દુત્વનો પ્રયોગ કોઇ અન્ય જાતિપંથ પ્રત્યે આક્રમક ભાવ કે વેરભાવ કે અસહિષ્ણુતાનો નથી.આથી સ્પષ્ટ થાય છે કે અન્ય ભૌતિકવાદી પંથોની સમકક્ષ હિન્દુત્વને મૂકવું ન્યાય સંગત નથી.સર્વસમાવેશક ભૌતિકતા અને આધ્યાત્મનો સમન્વય સાધનાર વ્યાપક સામંજસ્યને પ્રેરણા આપનાર વ્યવસ્થા જ હિન્દુત્વ છે.એ જ આપણો આત્મા છે.આધ્યાત્મનું પણ સાચું જ્ઞાન ન હોવાને કારણે સમાજજીવનથી અલિપ્ત,નિષ્ક્રીય ઉદાસીન એવો અર્થ કરવામાં આવે છે.પરંતુ જેનાથી ભૌતિક આધ્યાત્મિક પ્રગતિ સાધ્ય બને છે એ ધર્મ છે.સૃષ્ટિહિત વિશ્વકલ્યાણ એ આપણો ઉદ્દેશ્ય છે તેનો માર્ગ હવે આધુનિક વિજ્ઞાન પણ શોધવા લાગ્યું છે.તેને ભારતીય ધર્મની અવધારણા વારંવાર આકર્ષિત કરી રહી છે.ભારતના આધ્યાત્મવિદ્ યુરોપ જેવા દેશમાં પણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રહ્યા છે.વિજ્ઞાનને રાજસતાનું ગુલામ

બનાવી રાખવાની માનવહિત વિરોધી વૃતિના કારણે વૈજ્ઞાનિક વિમુખ થવા લાગ્યા.વૈજ્ઞાનિક વ્યવસ્થા,સિધ્ધાંત ધરાવવાનો દાવો કરનાર વિફળ સામ્યવાદથી દુનિયાનો મોહભંગ થઇ ચૂકયો છે. જે પૂંજીવાદની પ્રતિક્રિયામાં તેનો જન્મ થયો છે તે પ્રતિપક્ષ પૂંજીવાદ પણ હવે તૂટવાના આરે છે.સૃષ્ટિની સમરસતાના શૈક્ષણિક,સામાજિક,રાજનૈતિક,આર્થિક,આરોગ્યિક વ્યવસ્થાનો એકાત્મ પુનર્વિચાર કરવાનો સમય આવ્યો છે.આનો આધાર પણ એ જ ધર્મ હોઇ શકે જે ભારતીય શાસ્ત્રો અને સાધકોએ ગાયો અને ચરિતાર્થ કર્યો.વિજ્ઞાનની કસોટી પર ખરો ઊતરે એટલું જ નહિ પરંતું વિજ્ઞાનને પોતાની કસોટી પર કસનારો આ ધર્મ જ હિન્દુત્વની આચાર સંહિતાનો મૂળ આધાર છે; અને આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ કે હિન્દુત્વ આગામી યુગના વૈશ્વિક સવાલોનો એકમાત્ર ઉત્તર બની રહેવાનું છે.આપણે બધા હિન્દુ માટે ગંભીરતાપુર્વક વિચારીએ અને આપણા વ્યવહારથી તેને શકિતપ્રદાન કરીએ.આપણા બધા મનીષિયોનું સ્વપ્ન “સર્વેડપિ સુખિનઃ સન્તુ ...” સાકાર કરીએ અને બધા આક્ષેપોનો સચોટ ઉત્તર આપીએ.વર્તમાન યંત્રપ્રધાન,ગતિપ્રધાન જીવનમાં હિન્દુત્વને પુષ્ટ કરનારો વિચાર વ્યવહાર કેવી રીતે થઇ શકે તેવો એક પ્રશ્ન થાય છે.

તો આપણા દૈનિકજીવનમાં પ્રાતઃકાળથી લઇને રાત્રિ સુધી,ભૂ માતાને પ્રણામ,મહાપુરૂષોનું સ્મરણ,ભોજનમંત્ર,બાહ્યકક્ષથી લઇ અંદરના ઓરડા સુધીનું સુશોભન ચિત્ર વગેરે ઘરમાં આવનાર સાહિત્ય,પરસ્પર સંવાદ,પારિવારિક સામાજિક વ્રત પર્વોમાં ઘરનાં બાળકો,યુવકોની પ્રત્યક્ષ ભાગીદારી,તેમની સામાજિક વૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિ,વર્તમાન સંદર્ભની જાણકારી અને પારિવારિક ભાવનાઓની શકિતના આધાર પર આપણે અનેક પ્રકારના અનૌપચારિક સંસ્કાર આપી શકીએ છીએ.તેથી જ હિન્દુત્વના મૂળભૂત તત્વોની તથ્યપૂર્ણ જાણકારી દરેક ક્ષેત્રના મોટા લોકોને હોવી પણ જરૂરી છે. તેથી ઘર,વિદ્યાલય,સામાજિક સંસ્થાઓએ આ પોતાની જ જવાબદારી માની,સમયનિયોજન કરીને હિન્દુત્વની ભાવના અને વ્યવહારને પુષ્ટ કરવો જોઇએ.એક વિશ્વાસ મનમાં રાખીએ કે,આ વૈશ્વિક જીવનધારાથી જ માનવજીવન પાવન થશે...વંદેમાતરમ્...